| | | | |
|---|---|---|---|
| **રજુ કર્યા તારીખ :** | ૦૪/૦૩/૨૦૨૦ | | |
| **દાખલ તારીખ :** | ૦૪/૦૩/૨૦૨૦ | | |
| **ફેંસલ તારીખ :** | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| **સમય મર્યાદા :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૬** | **૦૩** | **૧૫** |

## ખંભાતના મહે. એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની અદાલતમાં

સેશન્સ કેસ નં. ૫૬/૨૦૨૦
આંક :

**ફરીયાદી:-** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિ રૂ ધ્ધ.....**

**આરોપીઓ:-**
**૧.** શીવાભાઈ જેઠાભાઈ સોલંકી, ઉ.વ. ૪૫
**૨.** સુરજબેન ઉર્ફે સુરીબેન વા/ઓ શીવાભાઈ જેઠાભાઈ સોલંકી, ઉ.વ.૪૦,
બંને રહે. હરીપુરા, સેવરાપુરા સીમ વિસ્તાર, ઉંડી તલાવડી પાસે,
તા. ખંભાત, જી. આણંદ.

**ગુન્હો :- ઈ.પી.કો. કલમ - ૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ...**

------------------------------

ફરિયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી જે.એસ.ગઢવી.
આરોપીપક્ષે વિ. વકીલશ્રી એફ.આર.અંસારી

------------------------------

**-:: ચુકાદો ::-**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં

ફરિયાદી દ્વારા જાહેર કરવામાં આવેલી ફરિયાદ આધારે, **ગુ.ર.નં. ૫૨/૨૦૧૯ થી ઈ.પી.કો. કલમ – ૩૦૨, ૨૦૧, ૧૧૪** વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સેશન્સ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત :**

(૨) આ કામના આરોપીઓએ તા.૦૬/૧૧/૨૦૧૯ ના કલાક ૦૭:૦૦ અગાઉ કોઈ પણ સમયે ફરીયાદીશ્રી સાહેદ મરણ જનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નાઓને આરોપી નં.૦૨ નાઓ સાથે પ્રેમ સબંધ હોય રાત્રીના કોઈ પણ સમયે ઘરે મળવા જતા આરોપી નં. ૧, ૨ સાથે કોઈ પણ બાબતે બોલાચાલી ઝઘડો થતા આરોપી નં.૦૧ નાઓએ લોખંડનો દસ્તો મરણ જનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નાઓને જમણી આંખના ઉપરવાસ તથા લમણાના ભાગે મારી ગંભીર ઈજા કરી મોત નીપજાવી પુરાવાનો નાશ કરવા મરણ જનાર ની લાશને આરોપીઓએ એકબીજાની મદદગારીથી તેમના ઘર નજીક આવેલ મોજે હરીપુરા સેવરાપુરા સીમ વિસ્તારના ઈશ્વરભાઈ ભગવાનભાઈ સોલંકી નાઓના ખેતરની નજીક આવેલ નળીમા ફેકી દઈ ઈ.પી.કો. કલમ–૩૦૨,૨૦૧,૧૧૪ વિગેરે મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને કમીટલ કાર્યવાહી :**

(૩) ઉપરોકત ફરીયાદના આધારે આ કામના તપાસ કરનાર

અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહી અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા તેઓશ્રીએ ખંભાતના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ. પરંતુ આરોપીઓ નં. ૧ શીવાભાઈ જેઠાભાઈ સોલંકી તથા આરોપી નં. ૨ સુરજબેન વા/ઓ શીવાભાઈ જેઠાભાઈ સોલંકી બંને રહેવાસી હરીપુરા, સેવરામપુરા સીમ વીસ્તાર, ઉંડી તલાવડી તા.ખંભાત, જી. આણંદ સામે આક્ષેપીત ગુન્હાઓ સેશન્સ ટ્રાયેબલ હોય જેથી તેઓ ધ્વારા કેસ કમીટ કરી સેશન્સ અદાલત ખંભાતને મોકલી આપેલ હતો અને તેને સેશન્સ કેસ નં. ૫૬/૨૦૨૦ આપવામાં આવેલ હતો. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેથી અદાલતમાં સદર કેસ ટ્રાન્સફર થઈ આવેલ.

(૪) ત્યારબાદ આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને મારા પુરોગામી અધિકારીશ્રી ધ્વારા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, આંક-૧૬ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીઓએ પોતાના આંક-૧૭ થી આંક-૧૮ સુધીના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકિલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતું અને તેથી ત્યારબાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૫) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક

અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | અલાઉદીન બાલુભાઈ મલેક | પંચ સાહેદ | ૨૩ |
| ૨. | રવાભાઈ શંકરભાઈ ડાભી | પંચ સાહેદ | ૨૬ |
| ૩. | કનુભાઈ રમણભાઈ જાદવ | પંચ સાહેદ | ૨૭ |
| ૪. | માવસિંહ ઉર્ફે માધવસિંહ ઉદેસિંહ સીંધા | પંચ સાહેદ | ૨૯ |
| ૫. | ભારતસિંહ માનસિંહ સીંધા | પંચ સાહેદ | ૩૧ |
| ૬. | દિલીપભાઈ માનસિંહ જાદવ | પંચ સાહેદ | ૩૭ |
| ૭. | સતીષ મનછાજી સુધેશા | મેડીકલ ઓફીસર | ૪૧ |
| ૮. | મહેન્દ્રકુમાર બેચરભાઈ પ્રજાપતિ | વિસ્તરણ અધિકારી | ૫૦ |
| ૯. | કનુભાઈ પ્રભાતસિંહ સોલંકી | ફરીયાદ | ૫૬ |
| ૧૦. | નિલેશકુમાર મુકેશભાઈ રામી | પોલીસ સાહેદ | ૬૧ |
| ૧૧. | નારણભાઈ કાનજીભાઈ ચૌહાણ | પોલીસ સાહેદ | ૭૫ |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | રીકન્સટ્રકશન તથા હથિયાર રીકવરી પંચનામુ | ૨૪ |
| ૨. | તપાસ અર્થે કપડા કબજે લેવાનુ પંચનામુ | ૨૫ |
| ૩. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૨૮ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૩૨ |
| ૫. | લાશનુ પોસ્ટ મોર્ટમ ફોરેન્શીક વિભાગ કરમસદ | ૪૫ |

| | | |
|---|---|---|
| | મારફતે થવા અભિપ્રાય બાબત | |
| ૬. | પોસ્ટ મોર્ટમ રીપોર્ટ | ૪૬ |
| ૭. | ગુનાવાળી જગ્યાનો નકશો આપવા બાબત | ૫૧ |
| ૮. | ફરીયાદ | ૫૭ |
| ૯. | તા.૦૬/૧૧/૨૦૧૯ ની જાહેરાત | ૫૮ |
| ૧૦. | લાશનુ પેનલ ડોકટર મારફતે પોસ્ટ મોર્ટમ થવા બાબત | ૬૨ |
| ૧૧. | મરણજનારનુ પેનલ ડોકટરથી ફોરેન્શીક પી.એમ. કરાવવા મંજુરી/અભિપ્રાય બાબત | ૬૩ |
| ૧૨. | મરણજનારનુ ફોરેન્સીક એક્ષપર્ટ દવારા પી.એમ. કરાવવા બાબત | ૬૪ |
| ૧૩. | લાશને કોલ્ડ સ્ટોરેજમા રાખવા બાબત | ૬૫ |
| ૧૪. | પોસ્ટ મોર્ટમ માટે મોકલાતી લાશની સાથે મેડીકલ ઓફીસરને મોકલવાનો પોલીસ રીપોર્ટ | ૬૬ |
| ૧૫. | લાશ સોપ્યા પાવતી | ૬૭ |
| ૧૬. | કોઝ ઓફ ડેથ સર્ટી | ૬૮ |
| ૧૭. | કોલ ફોર્મ | ૬૯ |
| ૧૮. | સુચી પત્ર | ૭૦ |
| ૧૯. | લાશ ઉપર ઈન્કવેશટ ભરવા પધારવા બાબત | ૭૬ |
| ૨૦. | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૭૭ |
| ૨૧. | મુદામાલ રવાનગી નોંધ | ૭૮, ૭૯ |
| ૨૨. | એફ.એસ.એલ. પાવતી | ૮૦ થી ૮૨ |
| ૨૩. | એફ.એસ.એલ. રીપોર્ટ | ૮૩ થી ૮૫ |
| ૨૪. | સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૮૬ |
| ૨૫. | ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧ મુજબના ગુનાના | ૮૭ |

| | | |
|---|---|---|
| | કામે ઈ.પી.કો. કલમ–૧૧૪ મુજબનો ઉમેરો કરવા બાબત | |
| ૨૬. | વી.એચ.એફ. | ૮૮, ૮૯ |
| ૨૭. | એફ.એસ.એલ. પાવતી | ૯૦ |
| ૨૮. | બાયોલોજી રીપોર્ટ | ૯૧ |
| ૨૯. | સીરોલોજી રીપોર્ટ | ૯૨ |
| ૩૦. | મુદામાલ આર્ટીકલની પંચ સ્લીપો | ૯૩,૯૪ |

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં વિ. જીલ્લા સરકારી વકિલ શ્રીએ આંક–૯૮ થી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા અંગે તા.૨૫–૦૨–૨૦૨૬ ના રોજ પુરશીશ રજૂ કરેલી. ત્યારબાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ છે કે,'' અમારી સામે ફરીયાદીએ ખોટી શંકા રાખી ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદીની ફરીયાદ મુજબનો ગુનો અમોએ કરેલ નથી જેથી દયાનો ભાવ રાખી અમોને નિદોર્ષ છોડી મુકવા મે. કરશોજી.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. જીલ્લા સરકારી વકિલ શ્રી જે.એસ.ગઢવી હાજર થઈ તેની મોખીક દલીલ કરી જણાવે છે કે, ફરીયાદપક્ષના કેસને સર્મથન કરતા પુરાવાઓ રેકડ પર આવેલ છે તે એ મુજબ છે કે આ કામના ફરીયાદી કનુભાઈ પ્રભાતસિંહ સોલંકી છે જે મરણજનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકીના ભાઈ થાય છે. આ

કામે આંક–૫૬ થી ફરીયાદીને તપાસવામા આવેલ છે અને આંક–૫૭ થી ફરીયાદ દાખલ કરવામા આવેલ છે અને ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી અને જણાવેલ છે કે પોલીસે તેમના ભાઈનો ફોન તપાસેલ ત્યારે સુરીબેનનો છેલ્લો ફોન આવેલો હતો અને રાત્રે તેમની સાથે વાતચીત થયેલી હતી. આરોપી નં.૨ સુરીબેન સાથે મરણજનારને પ્રેમ સબંધ હતો તેવો ફરીયાદપક્ષનો કેસ છે. આંક–૫૮થી અકસ્માત મોતનો ગુનો દાખલ થયેલ તે રજુ  છે. તેમજ આંક–૪૧ થી ડો. સતીષ મનછાજી સુધેશા પી.એમ. કરનાર ડોકટર છે તેઓ જણાવે છે કે, પી.એમ. નોટના પેરા–૧ ૭–એ–૧ મા દશાવેલ ઈજાના નીચેના ભાગે ૧૦*૮  સેમીનુ ચકામુ  હતુ. ખોપડીમા કોઈ ઈજાઓ ન હતી. મગજના અંદરના ભાગે હેમરેજ હતુ તથા સોજો હતો તથા છાતીના ભાગે કોઈ ઈજાની નિશાની ન હતી. મરણજનારના શરીર ઉપરથી તેઓએ ઈ.ડી.ટી.એ. સી.સી. મા બ્લડ ગ્રુપીંગ અને મેચીંગ માટે લોહીના નમુનાઓ લીધેલ તેમજ કાચની બરણીમા કેમીકલ એનાલીશીશ માટે વીશેરા લીધેલ તેમજ મરણ જનારના શરીર ઉપરથી પેન્ટ અને શર્ટ લઈને તેને સીલ અને લેબલ કરીને તેમજ ફોરવડીં ગ લેટર તૈયાર કરીને પોલીસને સોપેલ તે ફોરવડીંગ લેટરમા તેની સહી છે અને તેને રજુ દાખલ આંક–૪૨,૪૩,૪૪ આપવામા આવેલ છે. તેમજ પી.એમ. કર્યા બાદ ડો. જણાવે છે કે, મરણજનારનુ મૃત્યુ માથાના ભાગે થયેલ ઈજાથી મગજમા હેમરેજ થવાના કારણે થયેલ છે.આંક–૪૬ થી પી.એમ. નોટ રજુ કરેલ છે અને તેના પેરા નં.૨૩ મા જણાવેલ છે કે મરણજનારને માથાના ભાગે ઈજા થવાથી હેમરેજ થઈ જવાથી મૃત્યુ

થયાનુ જણાવે છે. તેમજ ડોકટર સાહેદ જણાવે છે કે, પી.એમ. નોટના પેરા–૧૭–એ વાળી ઈજાઓ બોથડ અને સખત પદાર્થ દ્બારા થઈ શકે છે. આંક–૨૪ થી ડિસ્કવરી પંચનામુ કરી ગુનાના કામે ઉપયોગમા લેવામા આવેલ સળીયો કબજે લેવામા આવેલ છે. સદર બનાવને નજરે જોનાર એક પણ સાક્ષી નથી. તેવી તેમની રજુઆત છે.

(૮) આરોપીપક્ષના વિ.વકીલશ્રી એફ.આર.અન્સારી તેઓની મોખિક દલીલમા એવુ જણાવે છે કે, હાલના કામે ફરીયાદી જીવે છે અને મરણજનારની લાશ મળતા પોલીસ ને જાણ કરતા પોલીસ આવેલી અને પંચનામુ કરી પી.એમ. કરવા માટે મોકલવામા આવેલ. ત્યારબાદ ગુનાની તપાસ માટે ફરીયાદી દ્બારા પોલીસ સ્ટેશનમા જાહેરાત આપવામા આવેલ. ડોકટર પી.એમ. કર્યા બાદ જણાવે છે કે મરણજનારને બોથડ પદાર્થ થી માથાના ભાગે ઈજા થતા મૃત્યુ થયેલ છે. મરણજનારે રાત્રીના સમયે મોબાઈલ નં. ૯૭૩૭૭૪૭૭૫૧ ઉપર છેલ્લે વાત કરેલી હતી અને ઉપરોકત મોબાઈલ નંબરની તપાસ કરતા તે આરોપી નં.૨ સુરીબેનનો હોય જેથી શંકાની સોઈ સુરીબેન તરફ ગયેલ અને શંકાના આધારે આરોપીઓ વિરૂઘ્ધ ગુનો દાખલ કરવામા આવેલ છે મરણજનારના મોબાઈલ ફોન પર જે કોલ આવેલ તેનો કોલ ડિટેલ રેકોર્ડ રજુ કરેલ નથી. તેમજ વઘુમા દલીલ કરી જણાવે છે કે, એફ.એસ.એલ. રીલેટેડ અન્ય કોઈ પુરાવા સદર કામે રજુ કરેલા નથી. આરોપી નં.૨ અને મરણજનાર વચ્ચે પ્રેમ સબંધ હતો તેટલા માત્ર કારણ થી ગુનો દાખલ કરવામા આવેલ છે મરણજનાર સુરીબેનના ઘર તરફ ગયા હોય

અને તેઓને મારી નાખી લાશને ફેકવા જતા હોય તેવુ કોઈએ જોયેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદપક્ષે રજુ કરવામા આવેલ પંચનામાના પંચસાહેદ નં. ૦૧ થી ૦૪ એ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે મરણજનારની લાશ જયારે મળી તયારે પોલીસ દવારા એ.ડી દાખલ કરવામા આવેલી. તે વખતે એ.ડી.મા મરણજનારનો મોબાઈલ મળેલ તેવી કોઈ હકીકત તેમા જણાવવામા આવેલ નથી.પી.એમ. રીપોર્ટ આવ્યા બાદ ફરીયાદ દાખલ કરેલ ત્યારે મોબાઈલ મળેલાની પ્રથમ વખત જાહેર કરવામા આવે છે તે પણ શંકાનો વિષય છે. વી.વ.શ્રી તેમની વધુ દલીલમા એવુ જણાવે છે કે, પી.એમ. રીપોર્ટના પેરા ૧૭–એ માની ઈજાઓ બોથડ તથા સખત પદાર્થથી થઈ શકે તેમજ પી.એમ. નોટના પેરા–૧૭–બી માની એક થી પાંચની ઈજાઓ ખરબચડી જગ્યા ઉપર ઘસવાથી થઈ શકે તેમજ પેરા–૧૭–બી ની છ અને સાતની ઈજાઓ શરીરના પાછળના ભાગેથી પકડવામા આવે અને ડ્રેગીંગ કરવામા આવે તથા ખરબચડી જગ્યા ઉપર ઘસડવાથી થઈ શકે તેવી છે.મરણજનારને માથાના ભાગે દસ્તો માર્યો હોય તેવો કેસ છે પરંતુ તેના કોઈ પણ પુરાવા રજુ કરેલ નથી. ડોકટર સાહેદ તેમની જુબાની દરમિયાન ઉલટતપાસમા એવુ જણાવેલ છે કે, '' **એ વાત ખરી છે કે, પી.એમ. નોટના પેરા–૧૭–એ તથા ૧૭–બી માં દર્શાવેલ ઈજાઓના કારણે કોઈનુ મૃત્યુ થઈ શકે નહી.** તેમજ વિ.વકીલશ્રી વધુમા દલીલ કરી જણાવે છે કે, સાહેદ નં.૦૮ નકશો બનાવનાર છે અને તેઓને નકશો બનાવવાની યાદી તા.૦૭–૧૨–૨૦૧૯ ના રોજ મળેલી. તેમજ યાદીમા

નકશો કઈ જગ્યાએ બનાવવાનો છે તે જણાવેલ નથી. નકશો બનાવતી વખતે પોલીસ હાજર ન હતી તેમજ કોઈ પંચોની રૂબરૂમા નકશો બનાવેલ નથી તેમજ ગુનાવાળી જગ્યા કોણે બતાવેલ તેની પણ નોંધ કરેલ નથી. વધુમા દલીલ કરી જણાવે છે કે, સુરીબેનના ઘરની આજુબાજુમા બીજા મકાનો પણ આવેલા છે પરંતુ પોલીસે તેવા કોઈ સાહેદોના નિવેદન લીધેલા નથી. તેમજ ફરીયાદીએ તેઓની ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખેલ છે કે જાણવા જોગ માહીતી પોલીસને આપેલ ત્યારે સુરીબેન સાથેના પ્રેમ સબંધ કે મોબાઈલ મળ્યાની હકીકત લખાવેલ નથી. વધુમા દલીલ કરી જણાવે છે કે, ફરીયાદી તેમની ઉલટતપાસમા એ હકીકત સ્વીકારે છે કે ફરીયાદ આપી તે પહેલા તેઓને ડોકટર સાથે કોઈ વાતચીત થયેલ નહી. તેમજ '' એ વાત ખરી છે કે, મેં મારી ફરીયાદમા લોખંડ મારવાની હકીકત જણાવેલ નથી'' તેમજ ફરીયાદી એ વાત સ્વીકારે છે કે તેઓએ લક્ષ્મણભાઈને સુરીબેનના ઘર તરફ જતા જોયેલા નહી પરંતુ ફરીયાદ તેઓએ શંકાના આધારે આપેલાનુ જણાવે છે. તેમજ ફરીયાદી એ હકીકતને સ્વીકારે છે કે આરોપીઓએ તેમના ભાઈનુ મૃત્યુ નીપજાવેલ હોય તેવુ તેઓ ચોકકસપણે કહી શકતા નથી. તેમજ ટાઈપ કરેલ ફરીયાદમા તેઓએ સહી કરેલા ની હકીકતને સ્વીકારે છે.આઈ.ઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, મરણજનાર ના મ'તયુ બાબતે એ.ડી રીજીસ્ટર કરવામા આવેલ તયારે તેમા શકમંદોના નામ આપેલા ન હતા. તેમજ વિ.વકીલશ્રી દલીલ કરી જણાવે છે કે, ફરીયાદપક્ષે આ કામે અદાલત દવારા આંક–૧૬ થી જે ચાર્જફ્રેમ કરવામા

આવેલ તે પુરવાર કરવા માટે એક પણ નજરે જોનાર સાક્ષી રજુ રાખેલ નથી કે ફરીયાદપક્ષ તરફથી બનાવના દીવસે મરણજનાર આરોપીઓના ઘરે ગયેલ હોય અને આરોપીનં.૧ તથા ૨ એ મરણજનાર ફરીયાદીના ભાઈ લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નુ નામ સળીયો કે લોખંડનો દસ્તો મારી મૃત્યુ નીપજાવેલ હોય અને તેની લાશને બનાવવાળી જગ્યાએ નાખી આવેલ હોય તેવુ નજરે જોનાર એક પણ સાક્ષીનો પુરાવો રજુ કરેલ નથી કે અન્ય કોઈ ફોરેન્સીક સાયન્સ તરફથી તપાસવામા આવેલ મુદામાલ રજુ રાખેલ નથી કે જે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા હોય. આમ ફરીયાદપક્ષ તેમનો કેસ વિશ્વશનીય, આધારભુત તથા માનવા યોગ્ય પુરાવાથી પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોય આરોપીઓ નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરે છે.

(૮) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફની દલીલો તેમજ રજૂ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-:: <u>મુદા</u> ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાઆરોપીઓએ તા.૦૬/૧૧/૨૦૧૯ ના કલાક ૦૭:૦૦ અગાઉ કોઈ પણ સમયે ફરીયાદીના ભાઈ મરણ જનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નાઓને આરોપી નં.૦૨ નાઓ સાથે પ્રેમ સબંધ હોય રાત્રીના કોઈ પણ સમયે ઘરે મળવા જતા આરોપી નં. ૧, ૨ સાથે કોઈ પણ બાબતે બોલાચાલી ઝઘડો

થતા આરોપી નં.૦૧ નાઓએ લોખંડનો દસ્તો મરણ જનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નાઓને જમણી આંખના ઉપરવાસ તથા લમણાના ભાગે મારી ગંભીર ઈજા કરી મોત નીપજાવી પુરાવાનો નાશ કરવા મરણ જનાર ની લાશને આરોપીઓએ એકબીજાની મદદગારીથી તેમના ઘર નજીક આવેલ મોજે હરીપુરા સેવરાપુરા સીમ વિસ્તારના ઈશ્વરભાઈ ભગવાનભાઈ સોલંકી નાઓના ખેતરની નજીક આવેલ નળીમા ફેકી દઈ ઈ.પી.કો. કલમ – ૩૦૨, ૨૦૧, ૧૧૪ વિગેરે મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં,

૨). આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નં. ૧ અને ૨</u> :–**

(૧૧) મુદા નં. ૧ તથા ૨ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ટાળવા બંને મુદાઓનું એકસાથે મુલ્યાંકન અને વિશ્લેષણ આ નીચે મુજબ કરવામાં આવે છે.

(૧૨) આ કામે ફરિયાદપક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ઈ.પી.કોડ ની કલમ ૩૦૨, ૨૦૧, ૧૧૪ વિગેરે મુજબના ગુન્હા પુરવાર કરવા ઉપરોકત વિગતે દર્શાવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલો છે. જેનું મુલ્યાંકન અને વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ તરફથી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા ફરીયાદ પક્ષ તરફથી જે તેમનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદો તપાસેલા છે તે નીચે મુજબના છે અને તેઓની જુબાની નીચે મુજબ છે.

(૧૩) નામદાર સુપ્રિમ કોર્ટના ડીવીઝન બેંચે **કાલીરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હીમાચલપ્રદેશ ૧૯૭૩ એ.આઈ.આર. ૨૭૭૩** ના કેસમા ઠરાવેલ સિધ્ધાંતો કે જે બર્ડન ઓફ પ્રુફ તથા બેનીફીટ ઓફ ડાઉટ ના સિધ્ધાંત ઉપર આધારીત છે તે નમ્રતાપુર્વક વંચાણે લીધો તે ચુકાદાની હેડ નોટ આ કામે વંચાણે લીધેલ છે. જે નીચે મુજબ છે.

**PETITIONER: KALI RAM**

**Vs.**

**RESPONDENT: STATE OF HIMACHAL PRADESH**

DATE OF JUDGMENT24/09/1973

**ACT:**

Criminal trial-Burden of proof-Benefit of doubt-Principles, governing.Code of Criminal Procedure, 1898 (5 of 1898)s. 162-Scope of.

**HEADNOTE:**

One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted Indian Kanoon - http://indiankanoon.org/doc/1072474/ 1Kali Ram vs State Of Himachal Pradesh on 24 September, 1973 by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused but the burden even in those cases is upon the, prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal. [733 H; 734 C]

Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are

possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favorable to the accused should be adopted. This principle has a special relevance in cases where the guilt of the accused is sought to be established by circumstantial evidence. Rule ha,-. accordingly been laid down that unless the evidence adduced in the case is consistent only with, the hypothesis of the guilt of the accused and is inconsistent with that of his innocence, the court should refrain from recording a finding of guilt of the accused. It is also an accepted rule that in case the court entertains reasonable doubt regarding the guilt of the accused, the accused must have the benefit of doubt. Of course, the doubt regarding.the guilt of the accused should be reasonable, it is not the doubt of a mind which is either-so vacillating that it is incapable of reaching a firm conclusion or so timid that it is hesitant and afraid to take things to their natural consequences. The rule regarding the benefit of doubt also does not warrant acquittal of the accused by resort to surmises, conjectures or fanciful considerations. As mentioned by this Court in the case or Slate of Punjab v. Jagir Singh, (Crl. A. No. 7 of 1972 d/ August 6, 1973) a criminal trial is not liked a fairy tale wherein one is free to give flight to one' In arriving at the conclusion about the guilt of the imagination and phantasy. accused charged with the evidence by the yardstick of witnesses. Every case own facts. Although the. to the accused the courts commission of a crime, the court has to judge the of probabilities, its intrinsic worth and the animu, in the final analysis would have to depend upon it benefit of every reasonable doubt sh- uld be given should not at the same time reject evidence Indian Kanoon - http://indiankanoon.org/doc/1072474/ 2Kali

Ram vs State Of Himachal Pradesh on 24 September, 1973 which is ex facie trustworthy or grounds which are fanciful or in the nature of conjec [734-G-H; 735A-D]

It needs all the sameto be re-emphasised that if a reasonable doubt arise regarding the guilt of theaccused, the benefit of that cannot be withheld from the accused. The courts would not be Justified in withholding the benefit be cause the acquittal might have an impact upon the law and order situation or create adverse reaction in society or amongst those members of the society who believe the accused to be guilty. The guilt of the accused has to be 723

adjudged not by the fact that a vast number of people believe, him to be guilty but whether his guilt has been established by the evidence brought on record. Indeed, the courts have hardly any other yardstick or material to adjudge the guilt of the person arranged as accused. It is no doubt true that wrongful acquittals are undesirable and shake the confidence of the people in the judicial system, much worse, however, is the wrongful conviction of an innocent person. The consequence of the conviction of an innocent person are far more serious and its reverberations cannot but be felt in a civilised society. [735D-F; H]

Shivaji Sahabrao Bobade & anr. v. State of Maharashtra, Cr. A. No. 26 of 1970 dated 27-8-73, referred to.

The appellant was convicted under s. 302 Indian Penal Code and sentenced to death. The High Court maintained the conviction and sentence. The High Court relied on three pieces of evidence viz.; (i) evidence of a witness which was recorded by the police over two months after the occurrence; (ii) the letter written by the accused to the Deputy Commissioner making a confession and (iii) the

confession made to S.R. who incorporated this in a letter to the Station House Officer.

Allowing the appeal to this Court,

HELD : that the judgment of the trial court and the High Court had to be .set aside and the accused acquitted. [736F] ( 1) If a witness professed to know about a gravely incriminating circumstance against a person accused of the offence of murder and the witness kept silent for over two months regarding the said incriminating circumstance against the accused, his statement relating to the incriminating circumstances, in the absence of any cogent reason, was bound to lose most of its value. [73OB-C]

(2) The fact that no action was taken on the letter till it was taken into possession by the police, the incongruity of the portion of the letter relating to confession and the circumstances in which the accused is stated to have got the letter written-all these make it unsafe to act upon the confession incorporated in the letter. [730H]

(3) The letter which was addressed by SR to the Station House Officer was in the nature of narration of what, according to SR, he had been told by the accused. Such a letter would constitute a statement for the purpose of s. Indian Kanoon - http://indiankanoon.org/doc/1072474/ 3Kali Ram vs State Of Himachal Pradesh on 24 September, 1973 162, Cr.P.C. The prohibition contained in s. 162, Cr.P.C. relates to all statements made, during the course of an investigation.The prohibition relating to the use of a statement made to a police officer during the course of an investigation could not be set at naught by the police officer not himself recording the statement of a person but having it in the form of a communication addressed by a person concerned to the

police officer. If a statement made by a person to a police officer in the course of an investigation

is inadmissible except for the purpose mentioned in s. 162, the same would be true of a letter containing narration of facts addressed by a person to a police officer during the course of an investigation. It is not permissible to circumvent the prohibition contained in s. 1162 by the investigating officer obtaining a written

statement of a person instead of the investigating officer himself recording that statement. The restriction placed by s. 162 on the use of statement made during the course of investigation is in general terms. There is nothing in the section to show that the investigation must relate to any particular accused before a statement to the police pertaining to that accused can be held to be inadmissible.

The letter is, therefore, inadmissible in evidence. [732C-E; G]

**(૧૪)** ભારતીય પુરાવા અધિનિયમના પ્રોવીઝન તથા નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત ચુકાદામા ઠરાવેલ સિધ્ધાંતો વંચાણે લેતા ફરીયાદપક્ષે તેમનો કેસ આધારભુત, વિશ્વશનીય અને માનવા યોગ્ય પુરાવાથી BEYOND DOUBT પુરવાર કરવા જોઇએ. ક્રિમીનોલોજી મા કાર્ડીનલ રૂલ મુજબ જયાં સુધી વ્યકિત સામે આક્ષેપિત ગુનો શંકાથી પર પુરવાર ન થાય ત્યાં સુધી તેને INNOCENT માનવાનો છે તે સિધ્ધાંતને ધ્યાને લઇ ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા નીચે મુજબ કરુ છુ.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૬ થી ફરીયાદી કનુભાઇ પ્રભાતસિંહ સોલંકીને તપાસવામા આવેલા છે. તેઓએ આંક–૫૭ વાળી ફરીયાદ તેમને બતાવતા તેના પરની સહી તેઓ ઓળખી બતાવે છે અને તે આંક–૫૭ વાળી ફરીયાદ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમા પોલીસ અધિકારી સમક્ષ તેણે પોતે

જાહેર કરેલી તેવુ તે જણાવે છે. ફરીયાદ પર પોતાની સહી ઓળખી બતાવે છે અને આંક–૫૭ વાળી ફરીયાદ ફરીયાદીએ તેમની સહીથી જાહેર કરેલી તે રીતે પુરવાર થાય છે. હવે ફરીયાદમા આક્ષેપિત ગુનો કે જે બનાવ તા.૦૬–૧૧–૨૦૧૯ ના રોજ સવારના કલાક–૭:૦૦ ના અગાઉ કોઈ પણ સમયે તેમના ભાઈ મરણજનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નાઓને આરોપી નં.૨ સાથે પ્રેમ સબંધ હોય રાત્રીના કોઈ પણ સમયે ધરે મળવા જતા આરોપી નં. ૧, ૨ સાથે કોઈ પણ બાબતે બોલાચાલી જઘડો થતા આરોપી નં.૧ નાઓએ લોખંડનો દસ્તો મરણજનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકી નાઓને જમણી આંખના ઉપરવાસ તથા લમણાના ઉપરના ભાગે મારી ગંભીર ઈજા કરી મોત નીપજાવી પુરાવાનો નાશ કરવા મરણજનારની લાશને આરોપીઓએ એકબીજાની મદદગારી થી તેમના ધરની નજીક આવેલ મોજે હરીપુરા, સેવરામપુરા સીમ વિસ્તારમા ફેકી દઈ ગુનો કરેલાની હકીકત પુરવાર થાય છે કે કેમ તે ફરીયાદીની જુબાની વંચાણે લેતા જાણી શકાય.

આમ, ફરીયાદીએ આંક–૫૬ થી આંક–૫૭ વાળી ફરીયાદની હકીકતને સમર્થન આપે છે તથા બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસમા એવા પ્રશ્નો પુછવામા આવેલ કે, તેમના ભાઈ લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીનાઓને આરોપી નં.૨ સુરજબેન ઉર્ફે સુરીબેન સાથે પ્રેમ સબંધ હતો તે હકીકત તેમના ધરના તથા આરોપીઓના ઘરનાઓને જાણ હતી તેનો ફરીયાદી હકારમા જવાબ આપે છે અને જેથી મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકી અને આરોપી નં.૨ સુરીબેન ઉર્ફે સુરજબેન તે શીવાભાઈ જેઠાભાઈ સોલંકીની પત્નીને એકબીજા સાથે પ્રેમ સબંધ હોવાનુ ફરીયાદપક્ષ પુરવાર કરવામા સફળ થયેલ છે.

ત્યારબાદ ફરીયાદીની જુબાની વંચાણે લેતા તેમના ભાઈ લક્ષ્મણભાઈ સોલંકીની લાશ ફરીયાદમા જણાવેલ બનાવવાળા સ્થળે પડેલ છે તેવુ તેમને લક્ષ્મણભાઈ નાથાભાઈ સોલંકી તથા દિલીપભાઈ સામંતસિંહ નાઓએ ઘરે આવીને જણાવેલ અને ત્યારબાદ તેઓએ બનાવ સ્થળે ઈશ્વરસિંહ ભગવાનસિંહના ખેતરની બાજુમા આવેલ નળી પાસે ગયેલા ત્યારે તેમના ભાઈની લાશ નળીમા પડેલાનુ જોયેલ અને તેમનુ શરીર ઠંડુ પડી ગયેલ હતુ અને તેઓ

મૃત હાલતમા હતા. જેથી તેઓએ ધુવારણ પોલીસ સ્ટેશને ફોન કરી જાણ કરેલી અને ત્યાં ઘટના સ્થળે પોલીસે આવી તપાસ કરેલી અને તેમના ભાઇ લક્ષ્મણસિંહને પોસ્ટમોર્ટમ કરવા માટે ખંભાત સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાં થોડે દુરથી મોબાઇલ ફોન તેમના ભાઇ લક્ષ્મણસિંહનો મળી આવેલ અને જેથી પોલીસે અકસ્માત મોત નોંધી અને તપાસ શરૂ કરેલી જે આ કામે આંક–૫૮ થી રજુ છે.

પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ તેમના ભાઇ લક્ષ્મણસિંહ સોલંકીનુ માથામાં બોથડ પદાર્થથી ઇજા થવાના કારણે મૃત્યુ થયેલુ તેવુ જાહેર થતા પોલીસે તેઓને બોલાવી અને વિગતવાર ફરીયાદ નોંધેલી અને તે ફરીયાદમા ફરીયાદીએ એવી હકીકત જાહેર કરેલી કે તેમના ભાઇ લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકી ના ફોન નંબર ૯૭૩૭૭૪૭૭૫૧ માં છેલ્લો ફોન રાત્રીના સમયે આરોપી નં.૨ સુરીબેન સાથે થયેલી જેથી તેમના મોટા ભાઇ લક્ષ્મણસિંહ બનાવની રાત્રીના સમયે સુરીબેનના ઘરે ગયેલ હશે અને તેઓને સુરીબેન તથા તેમના પતિ શીવાભાઇ જેઠાભાઇ સોલંકી નાઓ સાથે કોઇ બાબતે જધડો થયેલ હશે અને તે કારણે તેઓને માથામા ગંભીર ઇજા કરી મોત નિપજાવી તેમના ઘર નજીક આવેલ નળીમા તેમની લાશ ફેકી દીધેલ હશે તેવી શંકા, વહેમ હોવાનુ જાહેર કરેલ તે હકીકત સંદર્ભે તેમની આંક–૫૬ ની જુબાની વંચાણે લેતા ફરીયાદી પોતે તેમની જુબાનીની ઉલટતપાસમા સ્પષ્ટપણે એવુ કબુલ કરે છે કે, આ બનાવ બન્યાના બીજા દિવસે એટલે કે, તા.૦૭–૧૧–૨૦૧૯ ના રોજ મેં ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ આપી તે પહેલાં મારે કોઇ ડોકટર સાથે વાતચીત થયેલી નહી. એ વાત ખરી છે કે, મેં મારી ફરીયાદમાં લોખંડ મારવાની હકીકત મેં જણાવેલી નથી. એ વાત ખરી છે કે, પોલીસે અમોને જણાવેલ કે લક્ષ્મણભાઇનુ મૃત્યુ માથામા બોથડ હથિયાર વાગવાથી કે માથુ ભટકાવાના કારણે થયેલ. એ વાત ખરી છે કે, મેં મારી ફરીયાદમા એવુ લખાવેલ નથી કે પોલીસવાળાએ મારા ભાઇનો મોબાઇલ ચેક કરતાં તેમા છેલ્લો ફોન સુરીબેનનો આવેલ હોવાનુ અને તેમની સાથે છેલ્લે વાતચીત રાત્રીના થયેલ હોવાનુ જાણવા મળેલુ. એ વાત ખરી છે કે, ફોન ઉપર વાત થયેલી તે હકીકત અમોએ જાણેલી અમોએ જોયેલી નહી.

એ વાત ખરી છે કે, લક્ષ્મણભાઇને સુરીબેનના ઘર તરફ જતા અમોએ જોયેલ નહી. એ વાત ખરી છે કે, મેં જે ફરીયાદ આપેલી તે શંકાના આધારે આપેલી. એ વાત ખરી છે કે,હાલના આરોપીઓએ મારા ભાઇનુ મૃત્યુ નિપજાવેલ હોય તેવુ ચોક્કસ કહી શકુ નહી.

આમ, ફરીયાદીની આંક–૫૬ વાળી જુબાની વંચાણે લેતા આંક–૫૭ વાળી ફરીયાદમા કરવામા આવેલ આક્ષેપોને ફરીયાદી સમર્થન કરતાં નથી. ફરીયાદી સ્પષ્ટ કબુલે છે કે તેઓએ તેમના ભાઈ લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીને બનાવના અગાઉ સુરજબેન ઉર્ફે સુરીબેનના ઘરે જતા જોયેલા નહી કે તેઓને આરોપીઓએ લોખંડના સળીયા થી માથામા ઈજા પહોચાડેલ હોય તેવુ પણ જોયેલ નહી. તેઓ સ્પષ્ટ એવુ જણાવે છે કે, શંકાના આધારે તેઓએ તેમનુ નામ આપેલ. આમ ફરીયાદીની જુબાની થી આંક–૫૭ વાળી ફરીયાદના આક્ષેપિત ગુનાને આરોપીઓએ અંજામ આપેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે આ કામે આંક–૪૧ થી મેડીકલ ઓફીસર સતીસ સુધેશા શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદનાઓને તપાસેલા છે. તેઓની આંક–૪૧ ની જુબાની તથા આંક–૪૬ થી પેનલ ડોકટર દ્વારા કરવામા આવેલ પી.એમ. રીપોર્ટના પૅરેગ્રાફ નં.૧૭–એ, ૧૭–બી તથા ૧૭–સી માં જણાવેલ ઈજાઓ કે જે મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીને માથામા થયેલી તે ધ્યાને લેતા તથા પૅરેગ્રાફ નં. ૨૩ ના પેનલ ડોકટર દ્વારા આપવામા આવેલ મૃત્યુ અંગેનુ કારણ એટલે કે અભિપ્રાય વંચાણે લેતા મરણજનાર લક્ષ્મણભાઇ પ્રભાતસિંહ સોલંકીને માથામા ઈજા થવાથી ઈન્ટ્રાર્કાનીયલ હેમરેજ ના કારણે તેમનુ મુત્યુ થયેલ છે. આમ ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામા સફળ થયેલ છે. મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહનુ મૃત્યુ માથામા ઈજા થવાના કારણે થયેલ હેમરેજ થી તેનુ મૃત્યુ થયેલ છે.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૧ થી મરણજનારના કપડા કબ્જે

લેવા તથા ઈન્કવેસ્ટ પંચનામુ કરવા માટે તેઓને બોલાવેલા અને ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૩૨ પર તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ લાશ પર કેવા કપડા પહેરેલ તે જોયેલ નહીં અને ઉલટતપાસમાં સાહેદ એવુ કબુલ રાખે છે કે, મરણજનારના શરીર પરનુ વર્ણન મેં પોલીસને લખાવેલ નહીં લખાણની કાર્યવાહી પોલીસે કરેલી તે સિવાય હું બીજુ કશુ જાણતો નથી તેવુ જણાવે છે. ત્યાર બાદ આંક–૩૨ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ ઉપરોકત સાહેદ રૂબરૂ કરવામા આવેલાનુ પુરવાર થાય છે.

**(૧૮)** ત્યાર બાદ આંક–૨૯ થી ગુનાવાળી જગ્યાના પંચ માધવસિંહ ઉદેસિંહ સિંધાને તપાસવામા આવેલા છે. ખંભાત પોલીસ સ્ટેશન તેઓ ગયેલા ત્યાં તેમની સહી લીધેલી તે સિવાય બીજુ કશુ જાણતા નથી અને આમ આંક–૨૮ થી ગુનાવાળી જગ્યાના પંચનામાને તેઓ સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે તેમને હોસ્ટાઈલ જાહેર કરેલા છે.

**(૧૯)** આંક–૩૨ વાળા ઈન્કવેસ્ટ પંચનામાના બીજા સાહેદ ભારતસિંહ માનસિંહ સિંધાને આંક–૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલા છે.

**(૨૦)** આંક–૫૦ થી ફરીયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે મહેન્દ્રકુમાર પ્રજાપતી વિસ્તરણ અધિકારી બોરસદ કે જે નિવૃત્ત થઇ ગયા છે તેઓને તપાસવામા આવેલા. તેઓએ તા.૨૧–૦૧–૨૦૨૦ નારોજ ખંભાત રૂરલ પોલીસ તરફથી મળેલ યાદીના આધારે હરીપુરા, સેવરાપુરા સીમ વિસ્તારમાં ઈશ્વરભાઈ ભગવાનભાઈ સોલંકીના ખેતરની બાજુમાં આવેલ નળીમાં ગયેલા અને ગુનાવાળી જગ્યાનું પંચનામુ અમોને યાદી સાથે મળેલુ જેથી આ નળી પાસે જઇને ત્યાં રાહદારી વ્યકિતને આ ગુનાની જગ્યા બાબતે પુછતા તેઓએ અમને ગુનાવાળી જગ્યા બતાવેલી જે ગુનાવાળી જગ્યાનું સ્થળ નિરીક્ષણ કરીને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલો અને તેઓએ તે ગુનાવાળી જગ્યાની

ચતુરદિશા જણાવેલી છે. ગુનાવાળી જગ્યાની સ્વપ્રમાણીત નકલ આંક–૫ર થી રજુ કરેલ છે તથા આંક–૫૩ થી ટી.ડી.ઓશ્રી ખંભાતનાઓ તરફ તેમણે જે નકશા સાથે ફોર્વર્ડિંગ પત્ર મોકલેલો તે હોવાનુ કબુલે છે. આમ ગુનાવાળી જગ્યાએ જઇ અને તેઓએ ગુનાવાળી જગ્યાનો નકસો બનાવેલ હોવાની હકીકતને સમર્થન આપે છે પરંતુ આ જ સાહેદ તેમની ઉલટતપાસમાં ''એ વાત ખરી છે કે, મને યાદી મળ્યા બાદ મેં ઘણા દિવસો બાદ નકસો બનાવેલો. એ વાત ખરી છે કે, નકશો બનાવવાની જગ્યા બતાવવા માટે પોલીસના માણસો સાથે આવેલા નહીં. એ વાત ખરી છે કે, આ પ્રકારનો નકશો બનાવતી વખતે પંચક્યાસ પણ કરવુ પડે. એ વાત ખરી છે કે, નકશો બનાવવાની કાર્યવાહી બે પંચો રૂબરૂ કરવી પડે. એ વાત ખરી છે કે, આ નકશો બનાવતી વખતે પંચનામુ કરવા કોઇ કાર્યવાહી કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે, આ નકશો બનાવતી વખતે આ જગ્યા કોણે બતાવેલી તેની પણ કોઇ નોંધ નકશામાં કરેલ નથી. આમ ઉપરોક્ત સાહેદે ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલો તે ફરીયાદી, પંચો કે તપાસ કરનાર અધિકારીએ તેઓને બતાવેલ હોય તેવુ બનેલ નથી અને આમ ઉપરોક્ત સાહેદની જુબાની પણ શંકાના દાયરામાં આવી જાય છે.''

**(૨૧)** આંક–૬૧ થી એન.એમ.રામીને તપાસવામાં આવેલા છે. તેઓ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૦૬–૧૧–૨૦૧૯ ના રોજ કનુભાઇ પ્રભાતસિંહ નાઓએ તેમના કુટુંબી કાકાના દિકરા દિલીપભાઇ સામંતસિંહ સોલંકી નાઓએ ફરીયાદીના મોટા ભાઇ ઇશ્વરભાઇ ભગવાનભાઇ સોલંકીના ખેતરની બાજુમાં આવેલી નળીમાં છતી હાલતમાં લક્ષ્મણભાઇની લાશ પડેલ છે અને તે મરણ ગયેલ છે તે બાબતે પી.એસ.ઓ રૂબરૂ જાહેરાત કરતા અકસ્માત મોત નોંધી અને પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ લાશની નજીકથી મોબાઇલ ફોન મળી આવેલ તે કબ્જે લીધેલ અને તેમા રાત્રીના સમયે મોબાઇલ નંબર ૯૭૩૭૭૪૭૭૫૧ ઉપર વાત થયેલાનું જણાયેલ ત્યાર બાદ તા.૦૮/૧૧/૨૦૧૯ નારોજ ફરીયાદીએ લખાવેલ ફરીયાદ ટાઇપ કરીને નોંધી

લીધી અને શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદને લાશનું પી.એમ કરવા મોકલી આપેલ તથા એફ.એસ.એલ અધિકારીઓને અને ડોગસ્કોડને તપાસના કામે ઘટના સ્થળે બોલાવી તે કાર્યવાહી કરેલી. ત્યાર બાદ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નં. ૫૨/૨૦૧૯ ઈ.પી.કો કલમ–૩૦૨, ૨૦૧ મુજબ ગુનો દાખલ કરેલો અને આગળની તપાસ પોલીસ ઈન્સ્પેકટર એન.કે.ચૌહાણ તરફ મોકલી આપેલ. આંક–૫૭ વાળી અસલ ફરીયાદ તેમના રૂબરૂ આવેલી તથા આંક–૨૮ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમના રૂબરૂ થયેલ તે બન્ને તેમની સહી ઓળખી બતાવે છે. લાશના પી.એમ માટે કરેલી યાદી તથા મરણજનારનુ પેનલ ડોકટરથી ફોરેન્સીક પી.એમ આંક–૬૨ તથા ૬૩ માં તેમની સહી કરેલાની હકીકતને સમર્થન કરે છે. પી.એમ બાદ લાશ સોંપવામા આવેલી તે પત્ર આંક–૬૭ ની હકીકતને સમર્થન આપે છે. આંક–૬૮ ની યાદી કે જે તેઓએ કરેલી તે હકીકતને સમર્થન આપે છે તથા મુદ્દામાલ મરણજનારનુ રાખોડી ભુરા કલરનું લાઈનિંગ વાળુ શર્ટ જે પંચો રૂબરૂ વિગતે લીધેલ તે આંક–૭૧ વાળા પંચનામાને સામર્થન આપે છે તથા રાખોડી કલરનું પેન્ટ આર્ટીકલ ૨ બતાવવામાં આવે છે તેના પર તેમની રૂબરૂ પંચ સ્લીપ પર સહીઓ લીધેલ તેને ઓળખી બતાવે છે. જેને આંક–૭૨ આપવામાં આવે છે. આમ તેઓએ કરેલ કાર્યવાહીને તેઓ સમર્થન આપે છે.

**(૨૨)** ફરીયાદપક્ષે આંક–૭૫ થી તપાસ કરનાર અધિકારી નિવૃત્ત પી.આઇ એન.કે.ચૌહાણને તપાસવામાં આવેલા. તેઓએ ખંભાત પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.રજી.નં. ૫૨/૨૦૧૯ ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧ તથા ૧૧૪ મુજબના ગુનાની તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટર રામી તરફથી મળતા તેઓએ સંભાળેલી તથા તપાસના કાગળો તેમજ અકસ્માત મોતના કાગળોનો અભ્યાસ કરેલો ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા તથા પંચો રૂબરૂ આરોપીઓને સાથે રાખી સરકારી વાહનમાં ગુનાવાળી જગ્યાએ લઈ ગયેલા જે મરણજનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ સોલંકીને સેવરાપુરા સીમ વિસ્તારમાં જયાં પડેલ હતી તે જગ્યા આરોપીઓએ બતાવેલ ત્યાર બાદ આરોપીઓના મકાનમાં

ગયેલ ત્યાં મકાનમાંથી એક લોખંડનો દસ્તો કાઢી બતાવેલો તેમજ એક કી–પેડ વાળો મોબાઇલ રજુ કરેલો. જે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબ્જે લઇ એફ.એફ.એલ. તરફ મોકલી આપેલ તથા ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા તાલુકા વિકાસ અધિકારીશ્રી ખંભાતને યાદી કરેલી અને ઇ.પી.કો. કલમ–૧૧૪ નો ઉમેરો કરવા માટે નામદાર કોર્ટને રિપોર્ટ કરેલ. આમ તપાસ કરનાર અધિકારીએ આંક–૨૪ ગુનાવાળી જગ્યાએ જઇ મુદ્દામાલ કબ્જે કરેલ તે પંચનામુ આંક–૭૬ વાળી યાદી આપી આંક–૭૭ વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૭૮ થી ૭૯, ૮૦, ૮૧, ૮૨ મુદ્દામાલ એફ.એસ.એલ. તરફ મોકલેલ. ફોરવર્ડિંગ પત્ર તથા એફ.એસ.એલ. રીપોર્ટ તથા એફ.એસ.એલ. બાયોલોજીકલ અહેવાલ આંક–૯૦ થી ૯૨ તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ તે તમામ હકીકતને તેઓ સમર્થન આપે છે પરંતુ ઉપરોકત સાહેદે તેમની જુબાનીની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,'' એ વાત ખરી છે કે, મેં જે ગુનાવાળી તપાસ સંભાળેલી તેના પહેલા અકસ્માત મોત જાહેર થયેલ એ વાત ખરી છે કે, અકસ્માત મોતની તપાસ પી.એસ.આઇ. રામી સાહેબ કરતા હતા. એ વાત ખરી છે કે રામી સાહેબે અકસ્માત મોતની તપાસના કામે કોઇ રીપોર્ટ રજુ કરેલો હોય અને તેના આધારે ગુનો દાખલ કરેલો હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસના કામે મેં ફરીયાદીનુ કોઇ વિશેષ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મેં તપાસના કામે ફરીયાદીની ફરીયાદનો અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે, ફરીયાદીએ તેની ફરીયાદમા આરોપીઓ સાથે કોઇ બાબતે ઝઘડો થયો હશે તેવો શક વહેમ હોવાનુ લખાવેલ છે. એ વાત ખરી છે કે, મારી રૂબરૂનુ મેં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ નહી. એ વાત ખરી છે કે, ૯૭૩૭૭૪૭૭૫૧ નંબર વાળા સીમકાર્ડ સાથે કોઇ ફોન મળી આવેલો નહી. એ વાત ખરી છે કે, ૯૭૩૭૭૪૭૭૫૧ વાળો મોબાઇલ નંબર અરવિંદભાઇ સોમાભાઇ પરમારના નિવેદન દરમિયાન તેમના નામ ઉપર હોવાનુ તેઓએ જણાવેલુ. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમિયાન આરોપી નં.૨ અને મરણજનાર વચ્ચે પ્રેમસબંધ હોવા અંગેની હકીકત હોવાનુ જાણવા મળેલ. એ વાત ખરી છે કે, આ પ્રેમસબંધની જાણ મરણજનારના કુટુંબના બધા સભ્યોને હતી. એ વાત ખરી છે કે, ગુનો

બનતા જોયેલ હોય તેવો કોઇ નજરે જોનાર સાહેદ તપાસ દરમિયાન મળી આવેલો નહી. એ વાત ખરી છે કે, મારી તપાસના કામે જે કોઇ સાહેદોના નિવેદનો લીધા તેમા આરોપીઓ વિરૂધ્ધ શંકા વ્યકત કરેલી છે. આમ ઉપરોક્ત તપાસ કરનાર અધિકારીએ તેની જુબાનીમાં સ્પષ્ટપણે એ હકીકત કબુલ રાખેલ છે કે, ઉપરોકત ગુનાની તપાસના કામે તેઓને નજરે જોનાર એક પણ સાક્ષી મળી આવેલ નહીં અને તપાસના કામે જે કોઇ સાહેદોના નિવેદન લીધેલા તેઓએ માત્ર શંકા વ્યકત કરેલી તેવુ જણાવે છે. મરણજનાર લક્ષ્મણભાઇ પ્રભાતસિંહ તથા આરોપી નં.ર વચ્ચે પ્રેમસંબંધ હોવાની હકીકતને કબુલ રાખેલ છે.

**(૨૨)** આમ ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવા વંચાણે લેતા આ કામના આરોપીઓએ મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીને બનાવના દિવસે તેમના ઘરે બોલાવી અને કોઇ બાબતે તેમની સાથે ઝઘડો કરી આરોપી નં.૧ એ મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહના માથામાં લોખંડના પદાર્થથી માથામાં ગંભીર ઇજા પહોંચાડી મૃત્યુ નિપજાવી અને ત્યાર બાદ પુરાવાનો નાશ કરવા માટે આરોપી નં.૧ તથા ૨ એકબીજાની મદદગારીમાં લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીની લાશને રાત્રીના સમયે સગેવગે કરી ગુનાવાળી જગ્યાએ ફેંકી દીધેલ તે હકીકતને પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે. આ કામે ફરીયાદપક્ષે એક પણ સાક્ષી એવો નથી કે જેણે બનાવના દિવસે મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહને આરોપી નં.૧, ૨ ના ઘરે જતા જોયેલ હોય. ત્યાર બાદ આ કામના આરોપીઓએ મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહનું ખુન કરી તેની લાશને બનાવવાળી જગ્યા કે જે ઇશ્વરભાઇ ભગવાનભાઇના ખેતરની નજીક આવેલ નળી(પગદંડી) રસ્તા પર ફેંકી દીધેલ તેવુ કૃત્ય કરતા કોઇએ જોયેલ હોય તેવો પણ એક પણ સાક્ષી તપાસવામાં આવેલ નથી. આમ ફરીયાદપક્ષે મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીને માથામાં બોથડ પદાર્થથી ગંભીર ઇજા થવાના કારણે મૃત્યુ થયેલ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ છે. પરંતુ મરણજનાર લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ સોલંકીને આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં માથા પર ગંભીર ઇજા પહોંચાડી બનાવના દિવસે મૃત્યુ નીપજાવી

અને પુરાવાનો નાશ કરવા માટે તેમની લાશ ઈશ્વરભાઈ ભગવાનભાઈ સોલંકીના ખેતરની બાજુમાં નળી પર ટેકી દીધેલ તે હકીકત મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામના તપાસ કરનાર અધિકારીએ મરણજનારનો જે મોબાઈલ ફોન કબ્જે લીધેલ તેના આધારે જે કોલ ડિટેઈલ રીપોર્ટ સી.ડી.આર. પર પણ મેળવેલ નથી કે તે ફોનમાં આખરી શું વાત થઈ અને કોણે કોની સાથે વાત કરેલી તે હકીકત પણ પુરવાર થતી નથી. ફરીયાદપક્ષે એવો પણ કોઈ પુરાવો આપેલ નથી કે આ કામના મરણજનાર લક્ષ્મણભાઈ પ્રભાતસિંહ નાઓને બનાવના દિવસે આરોપીઓના ઘરે આરોપીઓની સાથે મરણજનારને જોયેલ હોય,આમ જયારે ફરીયાદપક્ષ આંક–૫૭ વાળી ફરીયાદમાં આક્ષેપીત ગુનો સ્વતંત્ર સાહેદોની જુબાનીથી આધારભુત, વિશ્વસનીય અને માનવા યોગ્ય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છુ.

**(૨૩)** આમ જયારે ફરીયાદપક્ષ ફરીયાદમાં જણાવેલ ગુનો ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧ તથા ૧૧૪ મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ત્યારે નામદાર સુપ્રીમ કોર્ટે **કાલીરામ V/S સ્ટેટ ઓફ હીમાચલપ્રદેશ** મા ઠરાવેલ સિધ્ધાંતો વંચાણે લેતા જયાં સુધી ફરીયાદપક્ષ સ્વતંત્ર, વિશ્વસનીય, આધારભુત તથા માનવા યોગ્ય પુરાવાથી તેનો કેસ પુરવાર ન કરે ત્યાં સુધી વ્યક્તિને નિદોર્ષ માનવો જોઈએ તે સિધ્ધાંતો ધ્યાને લઈ ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તે સંજોગોમાં આરોપીઓને શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવવાનું વ્યાજબી, ઉચીત જણાતુ હોય મુદ્દા નં. ૨ નો જવાબ નીચે મુજબ આપુ છું.

## ::હુકમ::

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **૧. શીવાભાઈ જેઠાભાઈ સોલંકી,** ઉ.વ. ૪૫ **૨. સુરજબેન ઉર્ફે સુરીબેન વા/ઓ શીવાભાઈ જેઠાભાઈ સોલંકી,**

ઉ.વ. ૪૦, બંને રહે. હરીપુરા, સેવરાપુરા સીમ વિસ્તાર, ઉંડી તલાવડી પાસે, તા. ખંભાત, જી. આણંદ નાઓને ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન **ફસ્ટ ગુ.ર.નં. ૫૨/૨૦૧૯ થી ઈ.પી.કો. કલમ – ૩૦૨, ૨૦૧, ૧૧૪** મુજબના ગુનામાં **શંકાનો લાભ આપી નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

૩. મુદામાલ પાવતીમાં દર્શાવેલ તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ–**૧૯**, માહે–**જુન**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(પી.એચ.શર્મા)**

તારીખ :– ૧૯/૦૬/૨૦૨૬ ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ખંભાત.

**GJ-00701**

સ્ટેનો. જે.એ.સોજીત્રા